ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૨

તારીખ :- ૩૦|૧૦|૨૦૨૫

ગુજરાતના બે દિવસીય પ્રવાસનો આજથી પ્રારંભ

PM મોદી આજે બનાસકાંઠામાં ૧૪ હજાર કરોડના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

અમદાવાદ, ગુરુવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે. જેમાં તેઓ આવતીકાલે બનાસકાંઠાના ભીલડી ખાતે રૂપિયા ૧૪ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનો શિલાન્યાસ-લોકાર્પણ કરશે જ્યારે ૩૧મીએ કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાના છે.

ભીલડીમાં જનસભા, અમદાવાદ મેટ્રોના બે ફેઝનો શિલાન્યાસ : ૩૧મીએ કેવડિયામાં એકતા દિવસની ઉજવણી

બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ કરશે. ૧૨૭ એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા ૧૦ થી ૨૦ ગણી ઝડપી બનશે. કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પ્રથમ સુવિધા હશે.

થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-સીએનજી પ્લાન્ટનો શિલાન્યાસ કરશે, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨એ (એરપોર્ટ એક્સટેન્શન) અને ફેઝ-૨બી(ગિફ્ટ સિટી એક્સટેન્શન) નો શિલાન્યાસ કરશે. જેમાં ફેઝ-૨એ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી ૫ સ્ટેશનોને આવરી લેતી ૬ કિમીથી વધુની લંબાઈ ધરાવશે, જ્યારે ફેઝ-૨બી ગિફ્ટ સિટીથી શાહપુર સુધી ૩ સ્ટેશનોને આવરી લેતી ૩.૩ કિમીથી વધુની લંબાઈ ધરાવશે.

તેઓ આવતીકાલે સાંજે કેવડિયા પહોંચી જશે અને ૩૧મીએ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.ઉજવણીનું એક મુખ્ય આકર્ષણ 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા' દ્વારા આયોજિત 'નક્સલ મુક્ત ભારત' પરનું એક વિશેષ નાટ્ય પ્રદર્શન હશે, જેમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત ૧૨૬ જિલ્લાના આશરે ૨,૦૦૦ કલાકારો ભાગ લેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતપ્રવાસ

૩૦ ઓક્ટોબર

સવારે ૮:૪૫ : ડીસા એરપોર્ટમાં આગમન.
સવારે ૯:૧૦ : ભીલડી ખાતે આગમન, કેટલ ફાર્મ તથા ઈટી આઈવીએફ લેબની મુલાકાત.
સવારે ૧૦:૩૦ : ભીલડી ખાતે જાહેર સભા. વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત.
બપોરે ૧૨:૦૦ : ભીલડીથી ગાંધીનગર રાજભવન જવા રવાના.
બપોરે ૧થી ૪ : રાજભવન ખાતે રાજકીય તથા સંગઠનના આગેવાનો સાથે બેઠક-મુલાકાત.
સાંજે ૪ : ૦૦ : ગાંધીનગરથી હવાઈમાર્ગે કેવડિયા જવા રવાના.
સાંજે ૫:૦૦ : કેવડિયા ખાતે ભારત પર્વ પેવેલિયન સહિતની મુલાકાત.
સાંજે ૬:૦૦ : કલ્ચર ગ્રાઉન્ડ ખાતે આનંદમઠ નાટકમાં ઉપસ્થિતિ.
સાંજે ૭:૪૫ : એકતા પ્રકાશ પર્વમાં હાજરી.
રાત્રે ૮:૧૫ : નર્મદા ઘાટ ખાતે નર્મદા આરતીમાં ભાગ લેશે.

૩૧ ઓક્ટોબર

સવારે ૯:૦૦ : સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે.
સવારે ૯:૧૫ : કેવડિયાના વિવિધ નવા વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત.
સવારે ૯:૪૦થી ૧૦:૧૦ : રેઈન ફોરેસ્ટ, વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લેશે.
સાંજે ૫:૩૦ : એકતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિતિ, પરેડમાં સહભાગી બનશે.
સાંજે ૭:૪૦ : કેવડિયાથી વડોદરા એરપોર્ટ રવાના.
રાત્રે ૯:૧૦ : વડોદરાથી દિલ્હી પરત ફરશે.